રજા મંજૂર કરવાની સત્તા સોંપણી બાબત

ગુજરાત સરકાર

નાણા વિભાગ

પરિપત્ર ક્રમાંક : રજઅ/૧૦૨૦૧૪/ઓ-૪૫૦/પી(પાર્ટ-૧)

સચિવાલય, ગાંધીનગર

તારીખ: ૧૨/૧૨/૨૦૧૯

વંચાણે લીધા ૧ નાણા વિભાગનો તા.૧૦/૧૦/૨૦૦૦ નો પરિપત્ર ક્ર: રજઅ/ ૨૦૦૦/ ૩૯૪૬ /પી

૨ ગુજરાત મુલ્કી સેવા(રજા) નિયમો,૨૦૦૨ના નિયમ-૪૬ તથા તેના પરિશિષ્ટ-૧

૩ નાણા વિભાગનો તા.૧/૯/૨૦૧૫ નો પરિપત્ર ક્ર: પશન/૧૦૨૦૧૫/ઓ-૮૨૯/પી

**પરિપત્ર :**

ઉપરોક્ત વંચાણે લીધેલા ક્રમ: (૧) પરના પરિપત્રથી સરકારી કર્મચારીને મળવાપાત્ર જુદી જુદી રજાઓની સત્તા સોંપણી નિયત કરવામાં આવી હતી. ત્યાર બાદ વંચાણે લીધેલ ક્રમ: (૨) આગળ દર્શાવેલ ગુજરાત મુલ્કી સેવા(રજા) નિયમો,૨૦૦૨ના નિયમ-૪૬માં કર્મચારી/અધિકારીને મળવાપાત્ર પ્રાપ્ત રજા સબંધિત જોગવાઈ કરવામાં આવેલ છે તેમજ પરિશિષ્ટ-૧ ના ક્રમ-૮(નિયમ-૨૭) માં રજા મંજૂર કરવાની સત્તા સોંપણી નક્કી કરવામાં આવેલ છે. વંચાણ હેઠળના ક્રમ (૩) થી ગુજરાત મુલ્કી સેવા(રજા) નિયમો,૨૦૦૨ હેઠળ મળવાપાત્ર વિવિધ પ્રકારની રજાઓ બાબતે કર્મચારી/અધિકારી વાકેફ થાય તે હેતુથી સંક્ષિપ્ત સાર જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

પરંતુ, અનુભવે એવું જણાયેલ છે કે ઘણી કચેરી/વિભાગ દ્વારા વંચાણ ક્ર:(૧) આગળના પરિપત્રની જોગવાઈનું ખોટું અર્થઘટન કરીને એકીસાથે ૨૪૦ દિવસ સુધીની પ્રાપ્ત રજા મંજૂર કરવામાં આવે છે. જ્યારે કેટલાક કિસ્સામાં ઉક્ત વંચાણ લીધેલા ક્રમ (૩) આગળના પરિપત્ર અન્વયે એકીસાથે ૧૮૦ દિવસ સુધીની પ્રાપ્ત રજા મંજૂર કરવામાં આવે છે. ઘણા વિભાગો દ્વારા અવારનવાર પ્રાપ્ત રજા એકીસાથે કેટલી મંજૂર કરી શકાય તે બાબતે પણ પૃચ્છા કરવામાં આવે છે. આથી આ બાબતે જરૂરી સૂચનાઓ પ્રસિધ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) ગુજરાત મુલ્કી સેવા(રજા) નિયમો,૨૦૦૨ના નિયમ-૪૬(૮) મુજબ પ્રાપ્ત રજાઓ એકીઆથે ૧૨૦ દિવસની મર્યાદામાં જ મંજૂર કરવાની રહેશે.

(૨) ગુજરાત મુલ્કી સેવા(રજા) નિયમો,૨૦૦૨ના નિયમ-૪૬(૧૦) માં જણાવેલ જોગવાઇ સંતોષાતી હોય તેવા કિસ્સામાં એકીસાથે ૧૮૦ દિવસ સુધીની પ્રાપ્ત રજા મંજૂર કરી શકાશે. અન્ય સંજોગો એકીસાથે ૧૨૦ દિવસ કરતા વધુ પ્રાપ્ત રજા મંજૂર કરવા બાબતે નાણા વિભાગની મંજૂરી મેળવવાની રહેશે.

Scanned by CamScanner

(૩) આ સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવા આથી સર્વે વિભાગો/ખાતાના વડાની કચેરીઓને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેના નામે,

(કે. કે. પટેલ)
નાયબ સચિવ
નાણા વિભાગ

**નકલ રવાના:-**

- માન. રાજયપાલના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીઓના અંગત સચિવશ્રીઓ,
માન. વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો/ તમામ ખાતાના વડાઓ/ તમામ કચેરીના વડાઓ,

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, લોકાયુક્ત ભવન, સેક્ટર -૧૦, ગાંધીનગર

તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ/રાજકોટ.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.
નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ,
તમામ તિજોરી અધિકારીઓ/ તમામ પેટા તિજોરી અધિકારીઓ,
પગાર અને હિસાબી અધિકારીઓ, અમદાવાદ/ગાંધીનગર/નર્મદા/વડોદરા
સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
તમામ બોર્ડ/ કોર્પોરેશન/ નિગમો.
નાણા વિભાગની તમામ શાખાઓ, સર્વે અધિકારીશ્રીઓ (નાણા શાખાઓ સહિત)
સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે.
સિલેક્ટ ફાઇલ પી શાખા

- પત્ર દ્વારા

Scanned by CamScanner